**<u>આંક:– ૧(ચાર્જશીટ) લગત હુકમ</u>**

**(૧).** આ કામના આરોપી સામે ધી બી.એન.એસ. કલમ–૨૨૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.એન.એસ.એસ કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી બી.એન.એસ. કલમ–૨૨૩ ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીને સંભળાવતા આરોપીએ મજુર કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબની થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>હુકમ</u>**

આરોપીને ધી બી.એન.એસ. કલમ–૨૨૩ મુજબના ગુના માટે બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે કસુરવાર ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને (૨) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫.
મુકામ:– અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
૧૩માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧૨)
કોડ નં. જીજે.૦૦૯૪૫.

G.C.CHAUHAN.
P.A.